જોઈએ છે

સુરતમાં જાણીતી કોમર્શિયલ બિલ્ડિંગમાં પ્રોપર્ટી મેનેજમેન્ટ માટે અનુભવી માણસ.

સોસાયટીના નિયમો મુજબ, હાઉસ કિપીંગ, સિક્યુરિટી, મેઈન્ટેનન્સ, ઓવર ઓલ બિલ્ડિંગ મેનેજમેન્ટ.

અનુભવી માણસને પ્રાથમિકતા, ગુજરાતી હિન્દી અને અંગ્રેજી ભાષાના જાણકાર.

સંપર્ક કરો

70468 79990

7મી ઓકટો.એ સૌરાષ્ટ્ર તરફ વાવાઝોડાનો ખતરો

ગાંધીનગરઃ બંગાળના અખાત પરથી ગુજરાત તરફ આવેલી લો પ્રેશર સિસ્ટમ દ્વારકાથી દૂર અરબ સાગર તરફ ફંટાઈ ગઈ છે, જો કે તા.7મી ઓકટો.ના રોજ અરબ સાગરમાં ઘુમરી ખાઈને પાછી ફંટાઈને મજબૂત વાવાઝોડાના સ્વરૂપમાં સૌરાષ્ટ્ર તરફ પાછી આવી રહી છે.

સુધારો તા.૨૩/૯/૨૦૨૫ ના રોજ ગુજરાતમિત્ર દૈનિકમાં પ્રસિધ્ધ કરવામાં મોજે ડુંભાલના બ્લોક નં. ૩૩ થી ૪૩ પૈકી ની જમીનમાં બાંધેલી ઈમારતોમાં પ્રથમ માળ ઉપર આવેલ સ્ટોલ/દુકાન નં.**UG/6** ને બદલે સ્ટોલ /દુકાન નં. **UB/6** વાળી મીલકત વંચાણે લેવું.

મિતેષ એમ. શાહ (એડવોકેટ)

વોક ઈન ઈન્ટરવ્યુ

સુરતની અગ્રગણ્ય કન્સ્ટ્રકશન કંપનીને પ્રોજેકટ સાઈટ માટે

શટરિંગ સુપરવાઈઝર — ૩ જગ્યા
(ઈન્ડસ્ટ્રિયલ અને રેસીડેન્શીયલ બિલ્ડિંગ વર્ક)
૫ વર્ષથી વધુ અનુભવ ધરાવતા

HR Admin Executive — ૨ જગ્યા
૩ વર્ષથી વધુ અનુભવ ધરાવતા

Electrician (ITI / Diploma) — ૨ જગ્યા
૩ વર્ષથી વધુ અનુભવ ધરાવતા

રસ ધરાવતા ઉમેદવાર પોતાના સંપુર્ણ બાયોડેટા સાથે રૂબરૂ મળો.
તા. ૦૬ થી ૧૧ ઓકટોબર, ૨૦૨૫ સમય : સવારે ૧૧ થી સાંજે ૬

SIDDHI CONSTRUCTIONS — Constructing Dreams Since 1987

સિદ્ધિ કન્સ્ટ્રકશન્સ
522, લાલભાઈ કોન્ટ્રાકટર કોમ્પલેક્ષ,
રાધે ટોકળાની સામે, નાનપુરા, સુરત.
મો./વોટસઅપ : 73596 17415
ઈ-મેઈલ : hr@siddhiconstructions.com

મહે માંડવીના પ્રિન્સીપાલ સીનીયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં મું, માંડવી

સિવિલ પરચુરણ અરજી નં.૦૧/૨૦૨૫
માંક- ૫

અરજદાર - નાથુભાઇ મોહનભાઇ ચૌધરી
રહે. આંબા, આશ્રમ ફળિયું, તા માંડવી, જિ.સુરત
અરજદારના વ.શ્રી.પી.એસ.ભોજાવાલા

- વિરૂધ્ધ -

સામાવાળા - કોઇ નથી.

:: જાહેર નોટીસ ::

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, સદર કામના અરજદારના સગા કાકા નામે સણજીભાઇ ભુલાભાઇ ચૌધરી તા.૩૦/૦૬/૨૦૦૯ ના રોજ કલમકુશ, તા.વાલોડ, જી.તાપી મુકામે નિઃસંતાન અવસાન પામેલ છે. અરજદારના પિતા મોહનભાઇ ભુલાભાઇ ચૌધરી મરકુર સણજીભાઇના સગા ભાઇ થાય છે. અરજદારના પિતા મોહનભાઇ ભુલાભાઇ ચૌધરી પણ તા.૦૨/૦૨/૧૯૯૯ ના રોજ મોજે આંબા, તા.માંડવી, જી.સુરત મુકામે અવસાન પામેલ છે. અરજદારના પિતા તથા કાકા સણજીભાઇની મોજે.આંબા, તા.માંડવી, જી.સુરતમાં તથા મોજે ગામ. ટીટોઇ, તા.માંડવી, જી.સુરતમાં આવેલ જમીનો ખેડતા અરજદારના કાકા સણજીભાઇ ભુલાભાઇ ચૌધરીની જણાવેલ વિગતે અને વર્ણનવાળી ખેતી વિષયક જમીનો પૈકી (૧) ગામ.આંબા, તા.માંડવી જી.સુરત- સર્વે નં.૨૫૦, બ્લોક નં.૨૫૦ પૈકી ૩, ક્ષેત્રફળ હે.આરે. ચો.મી.૦-૨૦-૫૫,આકાર પૈસા. ૧.૦૬, (૨) મોજે ગામ.ટીટોઇ, તા.માંડવી, જી.સુરત- સર્વે નં. ૫૫ પૈકી/૨, બ્લોક નં. ૫૫ પૈકી/૨, ક્ષેત્રફળ. હે.આરે.ચો.મી.૦-૬૯-૫૫, આકાર રૂ. પૈસા. ૩.૩૫. સાથે તથા તમામ લાગતા વળગતા તમામ હક્કો મેળવવા સારૂ સરહુ માટે મોજેજ સર્ટીફીકેટ મેળવવા ઉપરોક્ત અરજદારે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે.

સરહુ અરજીની સુનાવણી તા. ૦૭-૧૧-૨૦૨૫ના રોજ કલાક-૧૦:૩૦ વાગ્યે રાખવામાં આવેલ છે. જે કોઈ ઇસમ તથા સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યક્તિ, કંપની, સ્વાયત સંસ્થા વિગેરેને સરહુ અરજી વિરૂધ્ધ વાંધો હોય તો જાતે અગર યોગ્ય માહીતગાર કરેલ વકીલ મારફતે અત્રેની કોર્ટમાં અચુક હાજર રહેવા નોંધ લેશો. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૮-૦૯-૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર (એસ.એચ.ચૌધરી) આસિસ્ટન્ટ સિવિલ કોર્ટ,માંડવી
મુકાબલ કરનાર (એ.જી.પટેલ) સુપ્રિટેન્ડન્ટ સિવિલ કોર્ટ,માંડવી
કોર્ટનો સિક્કો
હુકમથી (જી.એસ.કુમાર) રજીસ્ટ્રાર સિવિલ કોર્ટ,માંડવી.

વેચાણ તથા ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ ઓલપાડ સબ-ડીસ્ટ્રીકટના મોજે **ગામ : સોંદલાખારા** નાં સર્વે નં. **૧૨૨ નાં** બ્લોક નં. **૩૧૦** થી નોંધાયેલ જમીન, જેનો ખાતા નં. **૪૧૧** છે. જેનું કુલ્લે ક્ષેત્રફળ ૦ હેકટર ૮૮ આરે ૦૨ ચો.મી. યાને **૮૮૦૨** ચો.મી. છે આકાર રૂા. ૧૦.૦૦ પૈસાવાળી બિનખેતી પ્રિમીયમને પાત્ર ખેતીની પિયત જમીનનાં માલીક, મુખત્યાર, કબજેદાર, વહીવટદાર તથા ભોગવટેદાર **હિતેશભાઈ નગીનભાઈ પટેલનાં** હોવાનું તેમજ નકરજી, નબોજી ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ ટાઈટલવાળી ચાલી આવેલ હોવાનું જણાવીને તમામ પ્રકારનાં બોજા રહિત હમારા અસીલોને વેચાણ આપવાનું નકકી કરેલ છે. સદરહું જમીનમાં કોઈપણ વ્યકિત, અન્ય ભાગીદારો, વારસદારો, સંસ્થા મંડળી યા બેંક વિગેરેનો કોઈપણ જાતનો હકક, હીત, હિસ્સો, લાગભાગ, દરદાવો, કબજો, જપ્તી અવલ જપ્તી, લેણું-બોજો, ગીરો, લિયન, સોદા, સાટાખત, પાવર ઓફ એર્ટની યા કોઈ કોર્ટ પ્રકરણો હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી તેમણે કાયદેસરના લેખિત દસ્તાવેજી પુરાવાઓ સહીત **દિન-૭**માં નીચે જણાવેલા સરનામે રૂબરૂ આવી તે અંગેની સંપુર્ણ ખાત્રી કરાવવી કે લેખીતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થયેથી સદરહું જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો, સંબંધ, દરદાવો નથી અને હોય તો જતો યાને વેવ કર્યો છે. તેમ માની આ નોટીસની મુદત વિત્યે હમારા અસીલ સદરહુ જમીનનાં માલીકો સાથે વેચાણ અંગેનાં વ્યવહારો કરી, જરૂરી કાયદેસરનાં રજીસ્ટર્ડ લખાણ જે તે માલીકો પાસે કરાવી લેશે. ત્યારબાદ સદરહું જમીન બાબતની કોઈની કોઈપણ જાતની તર-તકરાર, વાંધા, વિરોધ ચાલશે નહી, જેની જાહેર જનતા તથા લાગતા વળગતા તમામએ નોંધ લેવી.

મારી મારફત,

ઠેકાણું : ઓફીસ નં. ૧૨૧, ઓર્ચીડ હાર્મોની, પાલણપોર ફાયર સ્ટેશનની સામે, પાલ, ગૌરવપથ રોડ, સુરત.
Mobile No. : 9913007238

યોગેશ કે. પટેલ તથા તેજસ જી. પટેલ
એડવોકેટસ

ટાઈટલ અંગેની જાહેર નોટીસ

ડી.સુરત, સબ-ડીસ્ટ્રીકટઃ મજુરા, મોજે ગામઃ મજુરાના રેવન્યુ સર્વે નં.:૧૨૫/૨, ૧૩૪ પૈકી અને ૧૩૫થી નોંધાયેલ જમીન જેનો ટી.પી.સ્કીમ નં.૯, ફાઈનલ પ્લોટ નં.૧૫૧ પૈકી વાળી જમીનમાં આવેલ **"જમનાનગર હાઉસીંગ સોસાયટી"** થી ઓળખાતી સોસાયટીમાં આવેલ **બંગલા નં.બી/૧** જેનું પ્લોટનું ક્ષેત્રફળ ૨૫૬ ચો.મી. તથા બાંધકામનું ક્ષેત્રફળ ૧૭૫.૫૬ ચો.મી. જેનો સીટી સર્વે નં.૬૧૮થી નોંધાયેલ મિલકતના હાલના માલિક પુષ્પાબેન મીઠાલાલ જૈન કે જેઓ રજી. વેચાણ દસ્તાવેજ નંઃ ૫૯૩૮ તા.૧૨/૦૫/૧૯૮૯થી માલિક કબજેદાર થયેલ છે. હાલમાં પુષ્પાબેન મીઠાલાલ જૈન એ સદરહું મિલકત બકુલભાઈ અમૃતલાલ વરીયાવવાલા ને વેચાણ આપવા નકકી કરેલ હોવાનું જણાવી ટાઈટલ બાબતે અભિપ્રાય મેળવ્યા બાદ તેઓના અગ્રહકકધારીઓની તરફેણના નીચે મુજબના અસલ દસ્તાવેજો ગુમ/ગેરવલ્લે થયેલ હોવાનું જણાવી અમારી અસીલ બેંક **એકસીસ બેંક**માં પ્રથમ ગીરો કરી ધિરાણ મેળવવા માંગે છે. જેથી સદર મીલકત બાબતે કોઈપણ વ્યકિત, સંસ્થા વિગેરેના હકક વિગેરે હોય તો **દિન-૭** માં લેખીતમાં જાણ કરવી. જો તેમ નહીં કરવામાં આવે તો હકક અધિકાર નથી અને હોય તો પણ તે છોડી દેવામા આવેલ હોવાનું માનીને અમારા અસીલ બેંક, લોન બાબતે આગળ ની કાર્યવાહી કરશે તથા આ મીલકત પર બેંકનો પ્રથમ બોજો દાખલ કરશે. જેથી ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તરતકરાર ચાલશે નહી જેની લાગતા વળગતા તમામે ગંભીર પણે નોંધ લેવી.

અનુક્રમ નં.	ગુમ/ગેરવલ્લે થયેલ દસ્તાવેજ ની વિગત
૧	રજી.વે.દ.નં.૫૩૯૮ તા.૧૬/૦૫/૧૯૮૮ નો અસલ દસ્તાવેજ તથા અસલ રજીસ્ટ્રેશન પાવતી
૨	રજી.વે.દ.નં.૫૯૩૮ તા.૧૨/૦૫/૧૯૮૯ ની અસલ રજીસ્ટ્રેશન પાવતી
૩	અસલ શેર સર્ટીફીકેટ
૪	અસલ એલોટમેન્ટ લેટર

મિતેષ એમ. શાહ એડવોકેટ
ઓફીસ : એ/૧, મોનાલીસા એપાર્ટમેન્ટ, અઠવાગેટ, સુરત ફોન. ૨૬૧ ૨૪૬૫૯૬૧

જાહેર નોટીસ

નીચે જણાવેલી મિલકત **શ્રી અભિષેક શંકરભાઈ બાવીસ્કર,** રહે.: ૮૪, રામીપાર્ક સોસાયટી, ડીંડોલી, સુરતના પોતાની માલિકીનું હોવાનું જણાવીને હમારી અસીલ બેંકમાં ગીરોમાં મુકવા માંગે છે. આ મિલકતનો ટાઈટલ કલીયર રીપોર્ટ આપવામાં આવેલ છે. હાલમાં જાણમાં આવેલ છે કે મજકુર મિલકતનો અગાઉનો અસલ વેચાણ દસ્તાવેજ નં. ૧૦૭૮૭ તા.૨૪/૧૦/૨૦૦૫ તથા તેની અસલ નોંધણીની રસીદ તેમજ વેચાણ દસ્તાવેજ નં. : ૧૧૬૪૭ તા.૦૮/૦૩/૨૦૧૦ ની અસલ નોંધણીની રસીદ તેઓના જણાવ્યા અનુસાર ગેરવલ્લે મુકાઈ ગયેલી છે. મજકુર અસલ ટાઈટલ ડીડસનાં આધારે કોઈનાં હકક-અધિકારો આ મિલકત ઉપર ઉભા થયેલા હોય કે કોઈને વાંધા યા તર-તકરાર હોય યા કોઈપણ શખ્સનાં હકક-અધિકાર અન્ય રીતે હોય તો આ નોટીસ પ્રસિધ્ધીથી **દિન-૭ (સાત)** માં તેવા વાંધા-હકક-અધિકાર અંગેના પુરાવાઓ નીચે જણાવેલા સરનામે બતાવી જવા. મુદત દરમ્યાન કોઈનાં વાંધા વિગેરે આવશે નહી તો મિલકતનાં ટાઈટલ સંપુર્ણ બોજા રહિત, ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું અને સદરહુ અસલ ટાઈટલ ડીડસ ખરેખર ગેરવલ્લે મુકાઈ ગયેલાનું માનીને તથા ટાઈટલ રીપોર્ટ આપવા બાબતે કોઈને વાંધો નથી કે કોઈનાં હકક-હિત નથી અને હોય તો જતા કરેલા છે. એમ સમજીને આગળની કાર્યવાહી કરવામાં આવશે. નોટીસના સમય બાદ કોઈનાં વાંધા યા હકક-અધિકાર ચાલશે નહિ, જેની નોંધ લેવી.

મિલકતની વિગત : શહેર સુરત, ચોર્યાસી (હાલ ઉધના) તાલુકો, મોજે ગામ : ડીંડોલીના સ.નં. : ૪ થી ૭, બ્લોક નં. : ૧૪ થી નોંધાયેલી જમીન ઉપર આવેલ **॥ રામી પાર્ક ॥** માં પાડવામાં આવેલ પ્લોટો પૈકી **પ્લોટ નં. ૮૪** કે જેનું ક્ષેત્રફળ ૪૪.૬૧ ચો.મી. થાય છે કે જેનો **ટેનામેન્ટ નં. ૭૩એ-૦૯-૦૮૦૧-૦-૦૦૧** છે તે વિગતની મિલકત.

જી-૧, ''તારાનોમ'', બી-વીંગ, લાલભાઈ કોન્ટ્રાકટર કોમ્પલેક્ષની પાછળ, નિલકંઠ મહાદેવ મંદિરની બાજુમાં, નાનપુરા, સુરત. મો.નં. ૯૮૨૫૧ ૨૮૭૭૧
સમય : સવારે ૧૦ થી સાંજે ૮

અસીલની સુચનાથી :
સંદીપ ડી. નાયક
(એડવોકેટ & નોટરી)

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને નોટીસ લખી આપી જણાવવાનું કે સુરત જીલ્લાના ઓલપાડ તાલુકાના **મોજે ગામ : ઓલપાડ** ના **''બ્લોક નં.૪૩૯/અ''** થી નોંધાયેલ ખેતીની જમીન. જેનું સુમારે ક્ષેત્રફળ ૫૩૫૧ ચો.મી. થાય છે. જેનો આકાર રૂા. ૫.૨૫ પૈસા તથા ખાતા નં. ૫૯૦૭ વાળી ખેતીની જુની શરતની જમીન **(૧) લક્ષ્મીબેન પ્રેમાભાઈ તથા (૨) કલાવતીબેન પ્રેમાભાઈ**ની સંયુકત માલિકી, કબજા, ભોગવટા, વહીવટ હેઠળની ચાલી આવેલ હોવાનું જણાવી ફકત **કલાવતીબેન પ્રેમાભાઈ** નાએ તેમનો ચાલી આવેલ **વણવહેંચાયેલ ૫૦% હિસ્સો યાને ૨૬૭૫.૫૦ ચો.મી.** જમીન કોઈપણ પ્રકારના દાવાઓ, બોજા વગર તમામ ટાઈટલ કલીયર અને માર્કેટેબલથી સદર મિલકત અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદર જમીન/ મિલકતના માલિક સિવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગ ભાગ, હકક હિસ્સો, દર-દાવો કે કબજાના, સાટાખતના યા અન્ય કોઈપણ પ્રકારના હકક, હિત હોય તો તેની જાણ અમોને આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭ (સાત)** માં તેમના હકક દાવા બાબતે દસ્તાવેજી પુરાવા સહીત અમોને નીચેના સરનામે ઓફીસના સમયે રૂબરૂ યા લેખીતમાં જાણ કરવી, નોટીસની મુદત દરમ્યાન કોઈ વાંધા, વિરોધ યા તકરાર નહી આવે તો કોઈના હકક, દાવા, હિત હશે તો તે જતા કરેલ છે, તેમ માનીને અમારા અસીલ ઉપરોકત ખેતીની જમીનના માલિક પાસેથી કાયદેસરના લખાણો કરાવી લેશે. જેથી પાછળથી કોઈપણ વ્યકિતનો વાંધો યા વિરોધ, તર-તકરાર ધ્યાનમાં લેવામાં આવશે નહી જેની લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

ઓફિસ : ૨૦૬, ''વી-પ્લાઝા'' ગજેરા સ્કુલ પાસે, કતારગામ, સુરત. મો. ૯૬૮૭૫ ૧૪૪૭૭

મારી મારફત
મુકેશ એન. નાડોદા
(એડવોકેટ & નોટરી)

વેચાણ અંગેની જાહેર નોટીસ

ડીસ્ટ્રીકટ સુરત, તા. ઓલપાડ, મોજે ગામ પારડી ઝાખરીના બ્લોક/સરવે નં. ૭૯૩ વાળી ખેતીની જમીન કે જેનું ક્ષેત્રફળ હે.-૦-૧૫ આરે-૧૮ ચો.મી. આકાર જુડી રૂા. ૦.૫૬ પૈસાવાળી જમીન તથા બ્લોક/સર્વે નં. ૭૯૬ વાળી ખેતીની જમીન કે જેનું ક્ષેત્રફળ હે.૦-૧૨ આરે-૧૪ ચો.મી. આકાર જુડી રૂા. ૦.૪૦ પૈસાવાળી જમીન તથા બ્લોક/સર્વે નં. ૭૯૮ વાળી ખેતી જમીન કે જેનું ક્ષેત્રફળ હે.-૦-૨૦ આરે-૨૪ ચો.મી. આકાર જુડી રૂા. ૦.૭૪ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીનોના માલીક શારદાબેન કાનાભાઈની સ્વતંત્ર માલિકી, કબજા ભોગવટાની ચાલી આવેલ હોવાનું જણાવી તેઓએ મારા અસીલને કિંમતી વેચાણ અવેજ બદલ વેચાણ આપી અવેજ સ્વીકારી જરૂરી લખાણો કરી આપેલ છે અને જેનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરવાનો બાકી છે અને ટુંક સમયમાં દસ્તાવેજ કરાવી લેનાર છે. પરંતુ ભવિષ્યમાં કોઈ કાયદાકીય તકરારને અવકાશ ન રહે તે માટે આ જાહેર નોટીસ થકી જાહેર જનતાને જણાવવાનું કે સદરહું જમીનોમાં જો કોઈ શખ્સ, પેઢી, સંસ્થા, વ્યકિતનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, દર-દાવો, બોજો, લાગ-ભાગ કબજો વિગેરે હોય કે કોઈ સાટાખત, લખાણો થયેલ હોય કે કોઈનો ખોરાકી, પોષાકીનો હકક રહેલ હોય યા અન્ય કોઈ તર-તકરાર હોય તો તે અંગેના પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં હમોને લેખીતમાં જાણ કરીને તે અંગેની ખાત્રી કરાવી જવી ત્યારબાદ મુદત વિત્યેથી સદર જમીનોમાં કોઈના કોઈપણ પ્રકારના હકક, હિત, હિસ્સો, દરદાવો, બોજો, લાગભાગ, કબજો વિગેરે નથી અને હોય તો તે જતા કર્યા છે તેમ સમજી મારા અસીલ સદરહું જમીનોના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા, તકરાર કે દરદાવો ચાલશે નહીં. જેની તમામ લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

હમારી જાણ અને સંમતિથી આ જાહેર નોટીસ આપી સહી/-

ચિરાગ એમ. પટેલ (એડવોકેટ) મો. ૯૯૨૪૯ ૧૯૫૫૫
જીગ્નેશ ટી. પટેલ (એડવોકેટ) મો. ૯૯૧૩૩ ૬૦૭૨૭
ઓફીસ / રહે. ૪૭૧/એ, નીચલીવાડી નાનીવેડ, વેડ રોડ, સુરત-૩૯૫૦૦૪

મોજે : ડાભેલ, તા. જલાલપોર, જી. નવસારીનાં નવા બ્લોક નં. ૫૭૭ વાળી જમીનનાં વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, **મોજે : ડાભેલ,** તા. જલાલપોર, જી. નવસારીની સીમમાં આવેલ જુનો બ્લોક નં. ૫૨૫, **નવો બ્લોક નં. ૫૭૭** ની હે. ૨-૧૮-૨૬ ચો.મી. આકાર રૂા. ૨૧.૪૦ પૈસાથી નોંધાયેલી ખેતીની જુની શરતની જમીન (૧) ઝાહેદાબેન ઝાકીરહુસેન ઘાસુરા (૨) ઝાકીરહુસેન નિઝામખાન ઘાસુરા તથા (૩) શારદાબેન છગનલાલ પોપટ તે હસમુખભાઈ પટેલની પત્નીની સહીયારી માલીકીની તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની ચાલી આવેલ છે. જેઓ પૈકી **(૧) ઝાહેદાબેન ઝાકીરહુસેન ઘાસુરા (૨) ઝાકીરહુસેન નિઝામખાન ઘાસુરાએ** તેઓનાં વણવહેંચાયેલા હિસ્સાની **હે. ૦-૯૫-૧૨ ચો.મી.** જમીન તેઓની સ્વતંત્ર માલીકીની તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની ચાલી આવેલ હોવાનું તથા સદરહુ જમીનનાં ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવાનું અને તેઓ સિવાય સદરહુ જમીનમાં અન્ય કોઈનાં હકક, હીત, હીસ્સા સમાયેલા ન હોવાનું જણાવી, હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે, અને ટૂંક સમયમાં હમારા અસીલ વેચાણ અવેજની પુરેપુરી રકમ ચુકવી આપી સદરહુ જમીનનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. જેથી ઉપરોકત જમીનમાં અન્ય કોઈનાં કાંઈપણ પ્રકારનાં લાગભાગ, દરદાવો, હકક, હિસ્સો, હિત, સબંધ, ખાધાખોરાકી યા લીયનનાં હકકો યા ઈઝમેન્ટનાં હકકો યા બેંક, મંડળી, સંસ્થા, રાજય સરકારનાં કોઈપણ ખાતા વિગેરેના બોજા, ચાર્જ, લેણું હોય યા વેચાણ વિરૂધ્ધ વાંધો હોય તો તેમણે આધારભુત લેખીત પુરાવા સહીત આ નોટીશ પ્રસિધ્ધિથી દિન-૭ માં હમોને લેખીતમાં જાણ કરવી. જો મજકુર મુદતમાં તેવા કોઈ હકક, વાંધા રજુ થશે નહીં તો કોઈના હકક દાવા વિગેરે નથી અને હોય તો તે છોડી દીધા છે યાને વેવ કર્યા છે, તેવુ માની હમારા અસીલ સદરહુ જમીનનો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ, ભવિષ્યમાં જમીનનાં ટાઈટલ અંગે કોઈની કાંઈપણ તર-તકરાર તથા વાંધા ચાલશે નહીં. જેની આથી જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.

તારીખ : ૦૩-૧૦-૨૦૨૫ (અસીલની સુચના અન્વયે આ નોટીસ ઈશ્યુ કરવામાં આવેલ છે)

હિમાંશુ જી. વાંસિયા (એડવોકેટ)

સરનામું :- ફીફથ એવન્યુ, ૭૦, સુભાષ નગર, ટાટાફ્રોમાની લાઈનમાં, આઈડીએકસી બેંકની સામે, રામચોક નજીક, ઘોડ દોડ રોડ, સુરત. મોબાઈલ નં. ૯૮૨૫૧ ૩૬૬૯૯

ઓલપાડના મોજે ગામ : તેના, બ્લોક નં.૫૧ વાળી જમીન બાબતે જાહેર જવાબ તથા જાહેર નોટીસ

એડવોકેટશ્રી વિનોદરાય ડી.પટેલ એ તારીખ : ૩૦/૦૯/૨૦૨૫ ના રોજ ગુજરાત મિત્ર દૈનિકમાં સુરત ડિસ્ટ્રીકટ સબ-ડિસ્ટ્રીકટ ઓલપાડ તાલુકાના **મોજે ગામ : તેના, રેવન્યુ સરવે નં. ૨૭/૨, જેનો બ્લોક નં. : ૫૧** વાળી જુની શરતની ખેતીની જમીન જેનુ ક્ષેત્રફળ : ૧૭૫૦૩ ચો.મી. ચાલી આવેલ છે તે બાબતે જે જાહેર નોટીસ આપેલ છે તે તદ્દન ખોટી, ગેરકાયદેસરની અને કાયદા વિરૂધ્ધની છે. સદર જમીનમાં હમારા અસીલ સ્વ.રમણભાઈ રામભાઈના વારસદારોનો ૧/૨ યાને ૫૦ ટકા હિસ્સો ચાલી આવેલો છે અને તે અંગેનો વહેંચણનો લેખ બલ્લુભાઈ રામભાઈ તથા રમણભાઈ રામભાઈ વચ્ચે તારીખ : ૧૮/૦૬/૧૯૯૬ ના રોજ કરવામા આવેલ છે અને તે લેખ આજદિન સુધી કોઈપણ કોર્ટે રદ જાહેર કરેલ નથી અને તે રીતે હમારા અસીલો માલીક, મુખત્યાર, કબજેદાર ચાલી આવેલા છે તેમજ આ જમીન બાબતે **સ્પે.દિ.મુ.નં.૪૮૮/૨૦૦૦ (નવો નં. :રે.દિ.મુ.નં. ૦૭/૨૦૦૯) હાલ પેન્ડિંગ છે અને મેટર સબજયુડીસ છે** તેમજ જમીનના કોઈપણ ભાગની માલીકી સ્વ.રમણભાઈ રામભાઈ તથા બલ્લુભાઈ રામભાઈના વારસદારો વચ્ચે કાયદેસર રીતે નક્કી કરવામા આવેલી નથી કે તે બાબતે કોઈ પરવાનગી લેવામાં આવેલ નથી અને હમારા અસીલો સદર જમીનના સંયુક્ત માલીક, મુખત્યાર, કબજેદાર ચાલી આવેલા છે જેથી હમારા અસીલોના હકકો વિરૂધ્ધ કોઈપણ વ્યક્તિ સદર જમીન ખરીદ કરવા હકકદાર નથી તેમજ સદર જમીનને લીઝ પેન્ડન્સીનો સંપુર્ણ બાધ નડે છે જેથી કોઈપણ ઈસમ/વ્યક્તિએ **(૧) બેનાબેન બલ્લુભાઈની વિધવા, (૨) હસુમતીબેન બલ્લુભાઈ, (૩) શશીકલાબેન બલ્લુભાઈ, (૪) પ્રકાશભાઈ બલ્લુભાઈ, (૫) જ્યોતિબેન બલ્લુભાઈ, (૬) ગીતાબેન બલ્લુભાઈ, (૭) હીતેશભાઈ બલ્લુભાઈ** કે અન્ય કોઈપણ ઈસમ સાથે સદર જમીન બાબતે કોઈપણ જાતનો વ્યવહાર કરવો કરાવવો નહી અને જો કોઈપણ ઈસમ તેઓ સાથે કોઈપણ જાતનો વ્યવહાર કરશે તો તેઓને જમીનના કોઈ કલીયર ટાઈટલ કે કોઈપણ હકકો પ્રાપ્ત થશે નહી તેમજ તેઓને તકરાર સિવાય કશું પ્રાપ્ત થશે નહી તેની જાહેર જનતાએ તથા લાગતાં વળગતાં તમામને જાહેર નોટીસ આપવામાં આવે છે.

ઓફીસ : ૩૦૧, ઈશ્વરકૃપા, અશ્વુગર મહોલ્લો, નાનપુરા, સુરત.મો. ૯૫૮૬૭ ૩૫૧૫૧

વિપુલ જે.જરીવાલા એડવોકેટ

હમારી સુચનાથી :-
(૧) ભરતભાઈ રમણભાઈ પટેલ (૨) ધનગૌરીબેન ઈશ્વરભાઈ તે રમણભાઈ રામભાઈ પટેલની દિકરી (૩) દક્ષાબેન દિપકભાઈ તે રમણભાઈ રામભાઈ પટેલની દિકરી (૪) નયનાબેન સુરેશભાઈ તે રમણભાઈ રામભાઈ પટેલની દિકરી (૫) મંજુબેન હસમુખભાઈ પટેલ (૬) ઉમેશભાઈ હસમુખભાઈ પટેલ (૭) પ્રકાશભાઈ હસમુખભાઈ પટેલ (૮) કલ્પનાબેન વિગ્નેશભાઈ પટેલ તે હસમુખભાઈ રમણભાઈ પટેલની દિકરી (૯) તુપ્તિબેન દિલીપભાઈ પટેલ તે હસમુખભાઈ રમણભાઈ પટેલની દિકરી

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ સબ ડિસ્ટ્રીકટ, તાલુકો : **અડાજણ** ના મોજેગામ : **પાલણપોર** માં આવેલ **બ્લોક નં.૧૩૫/અ, જુનો સર્વે નં.૫૫-૩** થી નોંધાયેલી **જુની શરત (જુ.શ.)** ની જમીન કે જેનું ક્ષેત્રફળ **હે.આરે.૦-૫૫-૧૪ ચો.મી.** ધરાવતી ખેતીની જમીન કે જેનો **આકાર રૂા.૯.૦૭ પૈસા** છે કે જેનો ખાતા નં.૨૨૬૪ વાળી જમીન તથા લાગુ ટી.પી.સ્કીમ નં.૯ (પાલણપોર-ભેંસાણ), ફાઈનલ પ્લોટ નં.૫૫ વાળી કુલ (૭/૧૨ મુજબ) જમીન પૈકી **વણવહેંચાયેલ હિસ્સો ક્ષેત્રફળ ૫૧૩.૬૬ ચો.મી. જમીન** તથા તે જમીનના માલિક, મુખત્યાર અને કબજેદાર તરીકે **(૧) ભાવનાબેન નરોત્તમભાઈ પટેલ (૨) પ્રવિણાબેન નરોત્તમભાઈ પટેલ** ચાલી આવેલ છે અને ઉપરોકત જમીન અમોના અસીલને વેચાણથી આપવા માંગે છે સદરહુ જમીનમાં કોઈપણ વ્યકિત, સંસ્થા યા બેંકનો કોઈપણ જાતનો હકક હિત હિસ્સો, લાગભાગ, દરદાવો, કબજો, બોજો, ગીરો, વિગેરે હોય તો આ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી તેમણે દસ્તાવેજી પુરાવાઓ સહિત **દિન-૭** માં નીચે દર્શાવેલા સરનામે લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થયેથી સદરહુ જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હકક-હિત-હિસ્સો, દરદાવો નથી અને જો હોય તો તે જતો કર્યો છે. તેવું ગણી લઈ અમારા અસીલ તેઓના લાભમાં ઉપરોકત માલિક, કબજેદારો પાસેથી મજકુર જમીનનો વણવહેંચાયેલ હિસ્સાનો પાકો રજી.વે.દ. કે અન્ય લખાણો કરાવી લેશે અને પાછળથી કોઈની કોઈપણ જાતની તરતકરાર ચાલશે નહીં જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફીસ : બી-૬૧૧, સ્વસ્તિક યુનિવર્સલ, વેલેન્ટાઈન થિયેટર પાસે, સુરત ડુમસ રોડ, સુરત. મો.નં. ૯૭૧૨૫ ૪૬૭૧૯.

મારી મારફત
જીમીત એચ. શાહ
તે ખરીદનારનાં એડવોકેટ

-: વેચાણ અંગેની જાહેર નોટીસ :-

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ : સુરત, સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા કામરેજના મોજે **ગામ : ઓરણ** ના ખાતા નં. ૧૦૨૬, બ્લોક નં. ૪૧૬, પ્રમોલગેશનથી નવો બ્લોક નં.૪૭૪ વાળી જમીન કે જેનું ૭/૧૨ મુજબનું ક્ષેત્રફળ હે.આરે ૦-૪૬-૩૯ આરે ચો.મી. છે. જેનો આકાર **રૂા.૭.૩૧ પૈસા** છે. જે ખેતીની જુની શરતની જમીન **૧. કનુભાઈ ગો